જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૫/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૭૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૩,૯૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૯ બીયરટીન, ૦૧ કાર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૧૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૭૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૭૭/૨૦૨૬**

વટવાઃ ભારતીબહેન વા/ઓ બબલુ રોશનસિંહ બગેલ (ઉ.વ.૨૮)(રહે.બચુનગર સોસાયટી, રૂપ એવન્યુ પાસે, વટવા) તા.૧૮/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં ગેસ ચાલુ હતો ત્યારે માળિયામાં રાખેલ કુકર લેવા જતા બાજુમાં પડેલ ટર્પેન્ટાઈન ની બોટલ નીચે પડતા આગ લાગવાથી ભારતીબહેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને મણીનગર એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૫/૨૦૨૬ સવારના ૮/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી